**અમદાવાદ (ગ્રામ્ય)ના મે. એડી. જ્યુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**
**મુ. અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.51136/2025**
**આંક–**

**ફરીયાદી :** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :** **1. લીયાકતભાઈ ડોશુભાઈ રાધનપુરી 2. આસીફ આરીફભાઈ છીપા 3. રતીલાલ ભાણાભાઈ સોલંકી**

**ગુન્હો : જુગાર ધારા કલમ ૧૨ મુજબ.........**

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા. ૧૫/૦૯/૨૦૨૫ ના રોજ ઉપરોકત આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પુર્ણ કરી આ અદાલતમા જુગાર ધારા કલમ ૧૨ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. આરોપીએ પ્રથમ તબકકે ગુન્હા અંગે કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને **જુ.ધા.૧૨** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છિક રીતે કરેલ છે અને તેમજ ફરી વખત આવો ગુન્હો નહીં કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહીં કરવાની ખાતરી આપતાં હોવાથી આરોપીને સુધારવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતાં, આરોપીની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

ઉપરોક્ત આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૫ અન્વયે જુ.ધા.૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **આરોપી ને રૂા. ૨૦૦ /– અંકે રૂા. બસો પુરા અને કુલે આરોપીને રૂા. ૬૦૦ /– અંકે રૂા. છસો પુરા** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ રોકડ નાણાં સરકાર ખાતે ખાલસા કરવા તેમજ મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ મોબાઈલ ફોન અને વાહન અંગે જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો હોય તો વચગાળાનો હુકમ કાયમ કરવો અને જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો ન હોય તો મુદામાલ મોબાઈલ ફોનનાં બીલના આધારે તથા વાહનની માલિકીની યોગ્ય ખરાઈ કરી માલીકીના પુરાવા રજુ કર્યેથી મૂળ માલિકને પરત સોંપવા તેમજ દર્શાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૩/૧૨/૨૦૨૫
અમદાવાદ(ગ્રામ્ય)

**(એમ.ડી.વીરાણી)**
એડી.સીવીલ જજ
અને જયુ.મેજી.ફ.ક,
અમદાવાદ (ગ્રામ્ય)

UIC No.GJ01362